# ભક્તકવિ નરસિંહ મહેતા યુનિવર્સિટી, જુનાગઢ

(ગુજરાત પબ્લિક યુનિવર્સિટીઝ અધિનિયમ નં. ૧૫/૨૦૨૩)

**BHAKTA KAVI NARSINH MEHTA UNIVERSITY, JUNAGADH**

[ Gujarat Public Universities Act No. 15/2023 ]


## પરિપત્ર:

**વિષય: "ગુજરાત @ 75" માટે સત્તાવાર લોગો ડિઝાઈન સ્પર્ધામાં ભાગ લેવા બાબત.**

**સંદર્ભ: રાજ્ય એન.એસ.એસ. અધિકારી, ઉચ્ચ શિક્ષણ કમિશનરશ્રીની કચેરી, ગાંધીનગરના પત્ર ક્રમાંક રસય/લોગો/૨૦૨૫/૬૯૬૨-૯૪૬૨ તા.૦૨/૦૮/૨૦૨૫.**

ભક્તકવિ નરસિંહ મહેતા યુનિવર્સિટી સંલગ્ન જૂનાગઢ, ગીર સોમનાથ, પોરબંદર તેમજ દ્વારકા જીલ્લાની તમામ કોલેજોનાં આચાર્યશ્રીઓ, અનુસ્નાતક ભવનોના અધ્યક્ષશ્રીઓ તથા PG સેન્ટરના વડાઓને જણાવવાનું કે, તા.1 મે, ૧૯૬૦ ના રોજ સ્થાપિત ગુજરાત રાજ્ય, વર્ષ ૨૦૩૫ માં ગર્વથી ૭૫ વર્ષ પૂર્ણ કરશે. આ ઐતિહાસિક પ્રસંગને ચિહ્નિત કરવા માટે ગુજરાત સરકાર, My Gov સાથે સહયોગથી 'ગુજરાત @ 75' માટે સત્તાવાર લોગો ડિઝાઈન કરવાની સ્પર્ધા તા. ૨૮/૦૭/૨૦૨૫ થી તા. ૧૪/૦૮/૨૦૨૫ માં આયોજિત થયેલ છે. જેમાં આપની કોલેજોના પ્રતિભાશાળી, તેજસ્વી વિદ્યાર્થીઓ તથા અધ્યાપકશ્રીઓ સહભાગી બની શકશે.

ઉક્ત બાબતે 'ગુજરાત @ 75' ના લોગો ડિઝાઈન સ્પર્ધા માં ભાગ લેવા ઈચ્છતા વિદ્યાર્થીઓ તથા અધ્યાપકશ્રીઓએ https://www.mygov.in/task/gujarat75-years-logo-competition માંથી તે બાબતની તમામ માહિતી મેળવવાની રહેશે તેમજ તે અંગેના નિયમોનું પાલન કરવાનું રહેશે.

**બીડાણ: (1) રાજ્ય એન.એસ.એસ. અધિકારી, ઉચ્ચ શિક્ષણ કમિશનરશ્રીની કચેરી, ગાંધીનગરના પત્ર ક્રમાંક રસય/લોગો/૨૦૨૫/૬૯૬૨-૯૪૬૨**

પ્રો. કો-ઓર્ડીનેટરશ્રી
એન.એસ.એસ. વિભાગ
ભક્તકવિ નરસિંહ મહેતા યુનિવર્સિટી
જુનાગઢ

ક્રમાંક/બીકેએનએમયુ/એન.એસ.એસ./93/2025
ભક્તકવિ નરસિંહ મહેતા યુનિવર્સિટી,ગવર્મેન્ટ પોલીટેકનીક કેમ્પસ,
ભક્તકવિ નરસિંહ મહેતા યુનિવર્સિટી રોડ, ખડીયા, જુનાગઢ.
તા. 06/08/2025

પ્રતિ,
ભક્તકવિ નરસિંહ મહેતા યુનિવર્સિટી સંલગ્ન તમામ કોલેજોના આચાર્યશ્રીઓ તથા અનુસ્નાતક ભવનોના અધ્યાક્ષશ્રીઓ તથા PG સેન્ટરના વડાઓ તરફ.

નકલ રવાના જાણ અર્થે :

- રાજ્ય એન.એસ.એસ. અધીકારી, ઉચ્ચ શિક્ષણ કમિશનરશ્રીની કચેરી, ગાંધીનગર
- યુવા કાર્યક્રમ અને ખેલ મંત્રાલય, એન.એસ.એસ. ક્ષેત્રીય નિદેશાલય, અમદાવાદ
- માન. કુલપતિશ્રી / કુલસચિવશ્રીના અંગત સચિવશ્રી, ભક્તકવિ નરસિંહ મહેતા યુનિવર્સિટી, જુનાગઢ.
- આઈ.ટી. સેલ, ભક્તકવિ નરસિંહ મહેતા યુનિવર્સિટી, જુનાગઢ. (પરિપત્ર વેબસાઈટ પર અપલોડ કરવા)

**ઉચ્ચ શિક્ષણ કમિશનરશ્રીની કચેરી**
**એન.એસ.એસ. શાખા, બ્લોક નં.૧૨/૨, બીજો માળ, ડૉ. જીવરાજ મહેતા ભવન,**
**ગાંધીનગર, ગુજરાત રાજ્ય.**

જા.ક્ર. :- રસચ/લોગો /૨૦૨૫/ ૬૮૭૨-૭૪૬૨

તા.૦૨/૦૮/૨૦૨૫

પ્રતિ,

રજીસ્ટ્રારશ્રી, સરકારી,અનુદાનિત અને બિન અનુદાનિત યુનીવર્સીટી તમામ,
આચાર્યશ્રી, સરકારી,અનુદાનિત અને બિન અનુદાનિત કોલેજ તમામ,
જીલ્લા શિક્ષણાધિકારીશ્રી, જીલ્લા શિક્ષણાધિકારીની કચેરી તમામ.

**વિષયઃ** 'ગુજરાત @ 75' માટે સત્તાવાર લોગો ડિઝાઇન સ્પર્ધામાં ભાગ લેવા બાબત.

શ્રીમાન,

ઉપરોક્ત વિષય પરત્વે જણાવવાનું કે, ૧ મે, ૧૯૬૦ ના રોજ સ્થાપિત ગુજરાત, ૨૦૩૫ માં ગર્વથી ૭૫ વર્ષ પૂર્ણ કરશે. આ પ્રેરણાદાયી યાત્રા પ્રગતિ, સાંસ્કૃતિક સમૃદ્ધિ અને નવીનતા દ્વારા ચિહ્નિત થયેલ છે. જે આ 75 વર્ષની ઉજવણીને દરેક નાગરિક માટે ગર્વની ક્ષણ બનાવે છે. આ ઐતિહાસિક પ્રસંગને ચિહ્નિત કરવા માટે, ગુજરાત સરકાર, MyGov સાથે સહયોગથી, સર્જનાત્મક દિમાગને **'ગુજરાત @ 75'** માટે સત્તાવાર લોગો ડિઝાઇન કરવાની સ્પર્ધા તા.૨૮/૦૭/૨૦૨૫ થી તા.૧૪/૦૮/૨૦૨૫ આયોજિત થયેલ છે. આ તમારી કલાત્મક પ્રતિભા દર્શાવવા અને રાજ્ય માટે એક ઐતિહાસિક સીમાચિહ્નમાં યોગદાન આપવાની એક અનોખી તક છે. ફાઇન આર્ટસ કોલેજના વિદ્યાર્થીઓ , અન્ય કોલેજના તેજસ્વી તારલાઓ અને સર્વે અધ્યાપકશ્રીઓ આ કાર્યક્રમમાં સહભાગી બને તે માટે તમામને સૂચિત કરવા જણાવવામાં આવે છે.

ઉક્ત બાબતે પ્રથમ વિજેતાને ₹3,00,000/- થી પુરસ્કાર આપવામાં આવશે તેમજ ટોચના 5 સહભાગીઓને પ્રશંસાનું પ્રમાણપત્ર અને ગુજરાતના માનનીય મુખ્યમંત્રીને મળવાની તક મળશે. https://www.mygov.in/task/gujarat75-years-logo-competition પર તે અંગેની તમામ માહિતી મળી રહેશે. તેમજ તે વેબસાઇટ પર આપનો બનાવેલ લોગો અપલોડ કરવાનો રહેશે.

રાજ્ય એન. એસ. એસ. અધિકારી
ઉચ્ચ શિક્ષણ કમિશનરની કચેરી,
ગુ.રા.,ગાંધીનગર

myGov मेरी सरकार

## Gujarat@75 Years - Logo Competition




Start Date : JUL 28, 2025

Last Date : AUG 14, 2025
17:30 PM IST (GMT +5:30 Hrs)

Login to Participate

Land of Gandhi, pride in simplicity,Gujarat shines bright like the sun's clarity.From the Rann of Kutch to Sabarmati's flow,A land of dreams where progress grows.Rich in ...

See Details

Follow us

© Content owned, updated and maintained by the MyGov Cell. This website belongs to MyGov, Ministry of Electronics & Information Technology, Government of India. Platform is designed, developed and hosted by National Informatics Centre.

Certified Quality Website

india.gov.in data.gov

Copyright © MyGov 2014